# લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરીશું તો ચોક્કસ સંક્રમણ અટકાવી શકીશું : ડૉ. જયંતિ રવિ

## આજે ૬ નવા પોઝિટિવ કેસ નોંધાયા :અત્યાર સુધીના ૬૯ પોઝિટીવ કેસ : ૬ નાગરિકોના નિધન

ગાંધીનગર, તા. ૩૦ આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ જણાવ્યું છે કે, રાજ્યના તમામ નાગરિકોને ઘરમાં જ રહીને લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરશે તો ચોક્કસ સંક્રમણ અટકશે તે માટે આપણે સૌએ સંયમ રાખવો અત્યંત અનિવાર્ય છે. રાજ્યમાં કોરાના વાયરસની આજની અપડેટ વિગતો મીડિયાને આપતા ડો.રવિએ કહ્યું કે, રાજ્યમાં આજે ૬ નવા પોઝીટીવ કેસો નોંધાયા છે. જે સાથે રાજ્યમા કુલ ૬૯ પોઝિટિવ કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે જેમાં અમદાવાદમાં ૨૩, સુરતમાં ૮, રાજકોટમાં ૯, વડોદરામાં ૯, ગાંધીનગરમાં ૯, ભાવનગરમાં ૬, ગીર સોમનાથમાં ૨ અને કચ્છ, મહેસાણા, પોરબંદર પ્રત્યેકમાં એક-એક કેસ પોઝિટિવ છે. આ તમામ પૈકી ૫૯ દર્દીઓ સ્ટેબલ છે. અને બે દર્દીઓ વેન્ટિલેટર પર છે. દુર્ભાગ્યવશ કોરાના રોગના કારણે અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ છ નાગરિકોના નિધન થયા છે જેમાં અમદાવાદમા ૩, ભાવનગરમાં ૨ અને સુરતમા ૧ નાગરિકનુ નિધન થયું છે.

ડો. રવિ ઉમેર્યું કે આજે જે પોઝિટિવ કેસ નોંધાયા છે જેમાં અમદાવાદના એક ૩૮ વર્ષના પુરુષનો કેસ છે. જે અમેરિકાના વિદેશ પ્રવાસની હિસ્ટ્રી ધરાવે છે એજ રીતે ભાવનગરના ચાર પુરુષ અને એક મહિલાનો કેસ છે જે લોક્લ ટ્રાન્સમિશન ધરાવે છે. રાજ્યમાં બે દર્દીઓને ૧૪ દિવસનો કોરંટાઇન પૂર્ણ થતા તેમના પ્રોટૉકોલ મુજબ પુનઃટેસ્ટ કરતાં નેગેટિવ આવ્યા છે તેમને ડિસ્ચાર્જ પણ આપી દેવાયુ છે.

તેમણે કહ્યું કે હાલ ૧૮,૭૦૧ હોમ કોરંટાઇન, ૭૪૪ સરકારી, ૧૭૨ ખાનગી મળી કુલ ૧૯,૬૧૭ લોકો કોરંટાઇન હેઠળ છે. રાજ્યમા હોમ ટૂ હોમ અને ટેલીફોનિક સર્વેલન્સ હેઠળ અત્યાર સુધીમાં ૫.૯૦ કરોડ નાગરિકોનું સર્વેક્ષણ - ટ્રેકિંગ પૂર્ણ કરેલ છે.

તેમણે કહ્યું કે હાલ ૧૮,૭૦૧ હોમ કોરંટાઇન, ૭૪૪ સરકારી, ૧૭૨ ખાનગી મળી કુલ ૧૯,૬૧૭ લોકો કોરંટાઇન હેઠળ છે. રાજ્યમા હોમ ટૂ હોમ અને ટેલીફોનિક સર્વેલન્સ હેઠળ અત્યાર સુધીમાં ૫.૯૦ કરોડ નાગરિકોનું સર્વેક્ષણ - ટ્રેકિંગ પૂર્ણ કરેલ છે.

**ડાયરેક્ટ ❤ સે**

ઈશ્વર સાચાને ઓછું આપે છે... પણ સાથ પૂરો આપે છે...
જ્યારે ખોટાને બધું આપે છે... પણ સાથ નથી આપતો...

# મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના સંતોના હસ્તે દરિદ્રનારાયણોને ભોજન અર્પણ




ગાંધીનગર, તા. ૩૦ માણસની ખરી ઓળખ કપરી પરિસ્થિતિમાં જ થાય છે તે વાત ખરેખર સાચી છે. હાલ કોરોના વાઈરસને કારણે સમગ્ર દેશમાં ૧૪ એપ્રિલ સુધી લોકડાઉનની સ્થિતિ છે મંગળવારની મોડી રાત્રે લોકડાઉનના સમાચાર મળતાની સાથે જ કરિયાણાની દુકાનો પાસે લાંબી લાઈનો લાગી ગઈ હતી.

આવા સમયે રોજનું રોજ કમાઈને ખાવાવાળા, ઝુપડપટ્ટીમાં રહેનારા અને ભિક્ષુકોની સ્થિતિ કપરી બની છે. કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે અનેક ગરીબો, શ્રમિકો ફસાયા છે અથવા તો તેમની પરિસ્થિતિ કપરી બની છે ત્યારે આવી વ્યકિતઓ સુધી ભોજન પહોંચાડવાનું અનેરું સેવાનું કાર્ય મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી પૂજનીય સંતો, નયનભાઈ બ્રહ્મભટ્ટ, ડેપ્યુટી ચેરમેન વોટર સપ્લાય મહાનગરપાલિકા અમદાવાદ, દિનેશભાઈ ડી. કુશવાહ, નિવૃત્ત મદદનીશ શાસનાધિકારી, AMC, સ્કૂલ બોર્ડ અને સ્વયં સેવકો - હરિભક્તો દ્વારા ખોખરા - અમદાવાદ વિસ્તારમાં રહેતા આશરે ૫૦૦ કરતાં વધારે પરિવારને પુરી, શાક અને ફૂલવડી આપવામાં આવી હતી.

# શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા શ્રમિકોને ફુટ પેકેડનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા. ૩૦ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વેરાવળ અને પ્રભાસ પાટણના સ્લમ વિસ્તારોમાં કોરોના મહામારી ને લીધે સામાજિક સંસ્થાઓ ના સહયોગથી ફુડ પેકેટ નુ વિતરણ કરવામાં આવી રહેલ છે. સાથે જ ક્વોરન્ટાઇન ૧૮૦ લોકો ની આવાસ-ભોજન વ્યવસ્થા કરી રહેલ છે. કોરોનાની મહામારી એ વિશ્વને જ્યારે મુશ્કેલી મા મુક્યુ છે ત્યારે વહિવટી તંત્ર પણ આ મહામારી ને પહોંચી વળવા અથાગ પ્રયત્નો કરી રહેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં શ્રી સોમનાથ ટ્રસ્ટ ધાર્મિક કાર્યો સાથે સામાજિક જવાબદારીના ભાગરૂપે વહિવટી તંત્રને આ કટોકટી વખતે સહભાગી થવા સતત પ્રયત્નશીલ રહે છે, લીલાવતી અતિથિગૃહ હાલ ક્વોરન્ટાઈન માટે ફાળવવામાં આવેલ છે, સાથે જ ઓરીસ્સાના ૮૦ લોકો, મધ્યપ્રદેશના ૨૦ લોકો, આંતરરાજ્ય શ્રમીકો ૨૦ લોકો, ૨૦ લોકો ક્વોરન્ટાઈન આ તમામની આવાસ ભોજનની વ્યવસ્થા ટ્રસ્ટ તરફથી કરવામાં આવી રહી છે. સાથે જ વેરાવળ પાટણના સ્લમ વિસ્તારોમાં સામાજીક સંસ્થાઓની મદદથી ફુડ પેકેટ વિતરણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ આ સાથે સૌ નાગરિકોને અપીલ કરે છે કે,કોરોના વાઈરસ ની મહામારીથી તમારી જાતને બચાવો, તમારા કુટુંબને બચાવો, સરકારી સૂચનાઓને ગંભીરતાથી અનુસરો. અને ઘરમાં જ રહો. સેનીટાઈઝરનો દર કલાકે ઉપયોગ કરો, અને આવશ્યક બહાર જવુ પડે તો મોઢા પર માસ્ક પહેરીને જ જશો તેમજ બીજાથી એક ફુટનુ અંતર રાખી ને જ ઉભા રહેશો.

## જન્મદિને વધામણી



રૂદ્ર મીતેષ મોદી
મો. ૮૪૦૧૮ ૬૩૨૨૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સેકટર-૧૧માં જંગલની અંદર ઠેર-ઠેર કચરાના ઢગલા...!



અંકિત સોલંકી

જંગલ છે તો જીવન છે...જંગલએ વિશ્વ માં અત્યારે મહત્વ નો વિષય છે. થોડા સમય પહેલા જ ઓસ્ટ્રેલિયામાં આગ લાગવાથી જંગલ બળીને ખાક થઈ ગયા હતાં. જેવી રીતે પૃથ્વી ઉપર ગરમીનું તાપમાન વધી રહ્યું છે તેમ દુનિયામાં જંગલ બચાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે આપણે જંગલની જાળવણી દરેક નાગરિક અને પ્રશાસનની ફરજ અને જવાબદારી બને છે. ગાંધીનગરની સ્થાપના થઈ તે સમયે ગાંધીનગરને જંગલનગરી કહેવામાં આવતું હતું તે સમયે ગાંધીનગરમાં રહેવા માટે કોઈ તૈયાર ન હતું. જયારે અત્યારે ખૂબ ઓછા વિસ્તાર જંગલના વધ્યાં છે તેની જાળવણી પ્રત્યે બેદરકારી દાખવવામાં આવે છે. પર્યાવરણ બચાવવાની વાતો ખાલી પોસ્ટર પર જ થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. ગાંધીનગરમાં સેક્ટર ૧૧ માં આવેલ જંગલ (અખબાર ભવન અને કોર્ટ ની વચ્ચે)માં આજુબાજુના વિસ્તારમાંથી બાંધકામ સાઈટ ઉપરથી વધેલો કચરો કેટલાક સમયથી જંગલની અંદર ફેંકવામાં આવી રહ્યો છે. જંગલમાં ઠેર-ઠેરકચરાના ઢગલાં કરવામાં આવ્યા છે. આ પ્રવૃત્તિને રોકવામાં નહિ આવે તો નજીકના ભવિષ્યમાં જંગલનું અસ્તિત્વ નહીં રહે એમ લાગી રહ્યું છે. જંગલમાં વૃક્ષોની સંખ્યા દિવસે-દિવસે ઓછી થતી જાય છે. આ કચરો કોણ-કયાંથી નાખી જાય છે તેની તપાસ થવી જોઈએ અને એમની સાથે જ સાફ-સફાઈ કરાવી જોઈએ અને યોગ્ય દંડ કરવો જોઈએ જેથી કરીને સમાજમાં દાખલો બેસે.

## કોરોના કરવત

કોરોના વાયરસે દેશવિદેશે બહુ મચાવ્યો હાહાકાર !
સૌથી મોટો એ છે ખતરો, જનતા થાયે હોંશિયાર.
શરદી,ખાંસી, નાકનું વહેવું; શ્વાસ લેવામાં હોય પરેશાન;
આ છે તેનાં મુખ્ય લક્ષણો; ડરો નહીં, રહો સાવધાન.
સાવધાની છે સર્વની રક્ષા, જનતા વર્તે બની સાવધાન.

ચીન દેશની બધે પ્રેસર્યો એ, 'કોરોના' છે તેનું નામ.
ઠેર ઠેર છે ચર્ચા તેની, વૈજ્ઞાનિકો પણ થયા છે હેરાન!
નથી અમેરિકા ઈમરજન્સીમાં, દુનિયાથી અલગ હિંદુસ્તાન
ઈટાલીમાં હાહાકાર મચાવી, પરગણ માંડ્યા પ્રતિ હિંદુસ્તાન
સાવધાની છે સર્વની રક્ષા, જનતા વર્તે બની સાવધાન.

દુનિયામાં હાહાકાર મચ્યો છે, કોઈ દેશને બાકી ન મૂક્યો,
આતંકવાદથી પણ ભયંકર, કોરોના મહામારી બની ચૂકયો.
ચીન દેશમાં, પ્રસરી ચૂક્યો, તેનો ઈલાજ નહીં યે લગાર
કાળો કેર વર્તાવ્યો જગે, માણસ-માણસમાં પડી દરાર !
સાવધાની છે સર્વની રક્ષા, જનતા વર્તે બની સાવધાન.

ઈંડા, માંસ, મચ્છી, મિઠાઈ છોડો; કરો નહીં ઠંડુ જલપાન,
બાળકોને પણ ના પીવડાવો, ખાણી-પીણીમાં રાખો ધ્યાન.
ડરો નહીં, પરેશાન ન થાઓ, કરો સૌ ઘરમાં આરામ.
ભીજ જમા થશે જો માનવોની, કોરોના અટકાવાનું મુશ્કેલ
સાવધાની છે સર્વની રક્ષા, જનતા વર્તે બની સાવધાન.


સમયાંતરે સાબુ વડે જ હાથ ધુઓ ને પોતે જ પોતાના ડૉકટર થાવ
વાસી-ઠંડુ સર્વે ત્યાગીને, રસોઈ પણ ગરમાગરમ જ ખાવ
જયારે થાય મસ્તકે પીડા, ભારે ખાંસી-શરદી કે બુખાર.
સ્વાસ્થ્ય કેન્દ્ર પર ચેકઅપ કરાવો, આપનો પણ છે અધિકાર.
સાવધાની છે સર્વની રક્ષા, જનતા વર્તે બની સાવધાન.

અફવાઓ આવે ત્યારે, સૌ બનો બહેરા કે બનો સૌ અંધ.
જાગૃત રહે દેશની જનતા, હિંમતે પાળે સૌ ઘરમાં બંધ.
સાવધાની છે સર્વની રક્ષા, જનતા વર્તે બની સાવધાન.
હિંમતથી એ જ સૌની રક્ષા, ડરો નહીં સૌ ઈન્સાન.
બંધ પાળવામાં નથી 'દધિ' ડહોળવાનો કે નથી લાંઘવાનો પર્વત
જો અળગા રહી નહીં પાળીએ બંધ; તો ગરદને ફરશે કોરાના કરવત!

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

# વાસ્તવધરા પર રહી જીવાતા જીવનને કલા દ્વારા વાર્તા સ્વરુપે ઉજાગર કરતી કથાઓનું ચયન

સાહિત્યકૃતિના સર્જનમાંથી સૌથી અગત્યનું તત્વ એના સર્જકનની દૃષ્ટિ છે. સફળ રચનામાં એ સાદ્યંત પરોવાયેલી અને સતત સક્રિય હોય છે. એ સામગ્રીમાંથી વિષય ગ્રહણ કરે છે તેને ઉપર્યુકત્ વસ્તુ યોજે છે. તેની સંકલ્પના કરે છે, અને એ રીતે વિષયને કૃતિ રુપે સિદ્ધ કરે છે. વાર્તાકારને વ્યક્ત કરવાનું હોય છે અને તેનો માર્ગ હોય છે એ માટેની મથામણનો, એ સરિયાણ માર્ગ પરથી ગલીકૂંચીમાં જાય અને ગલીકૂંચીમાંથી પાછો સરિયામ માર્ગ પર પાછો આવે એ રીતે એની હાલની કેટલીક પરિસ્થિતિઓનો આ વાર્તાઓ કંઈક આલેખ હોય તેમ લાગે.




સ્વાભાવિક છે કે કોઈ પણ લેખક સાંપ્રત ઘટનાઓથી, તેની અસરથી અલિપ્ત ન રહી શકે. ત્યારે એ ઘટનાઓ સ્વાભાવિક રીતે જ વાર્તાનું સ્વરુપ ધારણ કરતી હોય છે. સમાજ, ધર્મ અને રાજકારણ જેવાં ક્ષેત્રે સતત અવનવી ઘટનાઓ ઘટતી રહેતી હોય છે. જે સમર્થ લેખકની કલમમાંથી રસપ્રદ કલાકૃતિનું રુપ ધારણ કરતી હોય છે. દરેક લેખકની કથન શૈલી થોડી અલગ પડતી હોય છે. પાત્રોનાં સંવાદોથી કથાનો ઉઘાડ થતો હોય છે. કયાંક વર્ણાત્મક શૈલીથી પાત્રકથાનો પરિચય મળે તો કયારેક પાત્ર દ્વારા થતું લાંબુ મનો વિવરણ પાત્રનું નહીં પણ લેખકનું



**પુસ્તક પરિચય**
**નટવર હેડાઉ**
vanvihari@gmail.com

પોતાનું બની રહે એવું પણ થતું હોય. તેમાં પણ ખાસ કરીને લેખખ અખબારી કોલમ રુપે આ વાર્તાઓ આલેખતા હોય ત્યારે આ સંભાવના વધી જાય છે. છતાં વાચકને તો તેમાં મજા પડતી જ હોય છે. આવી જ કંઈક વાર્તાઓનું સંપાદન ખૂબચિવટ પૂર્વક કરવામાં આવ્યું હોય ત્યારે તો તે માણવું જરૂર ગમે.

'ચાલો કરીએ પ્રેમ' લેખક કેશુભાઈ દેસાઈની સંદેશ પૂર્તિમાં પ્રગટ થયેલી વાર્તાઓમાંથી પી.એચ લુણાગરિયાએ કુલ - ૪૬ વાર્તાઓનું ચયન કર્યું છે. 'ભાવકની નજરે' આ વાર્તાસંગ્રહની મોટાભાગની વાર્તાઓ આસપાસ જીવાતા જીવન અને સાંપ્રત ઘટનાઓને કેન્દ્રમાં રાખીને અને તેમાં કલારુપી રંગોની પૂર્તિ કરીને સક્ષમ કળાકૃતિ તરીકે આલેખાયેલ છે એવું સંપાદકનું મંતવ્ય છે, અહીં સમાજમાં વધતા જતા અવૈદ્યાનિક યૌન સંબંધો અને તેનાથી ઉદ્ભવતા સામાજિક, કૌટુંબિક પ્રશ્નો વણી લેતી વાર્તાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે. સ્વીકૃત સામાજિક ધોરણોનો ઉલાળિયો કરીને જીવાતાં જીવન અનેક પ્રકારની વાર્તા સૃષ્ટિનાં બીજ પુરા પાડે છે અને અંતે તો કથાસૃષ્ટિ એ જીવાતા જીવનનું એક કલાસભર પ્રતિબિંબ જ છે ને ! વાર્તા 'અણમાનીતી'ની નવલના હૈયા સોંસરવા નીકળી જાય એવા શબ્દો 'એમને એમના ઘરનો દીવો બળતો રાખવો છે તો મને શું અંધારા વ્હાલાં હશે' તો 'પ્રસ્તાવના' વાર્તામાં નાયિકાની લેખાયેલી નોવેલની પ્રસ્તાવના લખતાં લખતાં સાક્ષર સુમન મહેતા લેખિતા સમક્ષ જિંદગીભરના સાથ માટે સાહજિક રીતે પ્રસ્તાવ મુકીને 'પ્રસ્તાવના' વાર્તાને જુદા સંદર્ભમાં રજૂ કરે છે. માનવ સંબંધોની તાણાવાણા એટલા બારિક અને નાજુક હોય છે કે તેમાં જોડાયેલા પાત્રો જિંદગીના અંત સુધી સંબંધોને વ્યાખ્યાયિત કરી શકતા નથી. એ માહોલમાં રચાય છે એક ઉત્કૃષ્ટ કૃતિ એટલે 'ડૉકટર કાકા', 'દેવતાઈ મનેખ', પત્રશૈલીની વાર્તા અનેક લખાતી રહી છે. 'નિયતિ' આ પ્રકારની વાર્તા છે. લેખકે કેટલીક વાર્તાઓમાં પાત્રોના પાછળી જિંદગીના વર્ષોને 'હૂલતા મેળા' ની સાથે સરખાવીને ગઝબનું સંધાન મેળવ્યું છે. 'સૂરજ ઉગવાની વેળા' વાર્તાના પાત્ર સુધાંસુ પંડિતના આ શબ્દો 'બહુ ભણ્યો એટલે જીવન જીવવાની લાયકાત ગુમાવી બેઠો' જેવાં વરવી વાસ્તવિકતા જ ટપકે છે. તો 'સદ્ગતિ' વાર્તા ઊંડે સુધી વાચકને સ્પર્શી જાય તેવી છે.

કેશુભાઈની વાર્તાઓમાં માંડણી ઊઘડતી સવાર જેવી હોય છે. અણધારી ઘટના ઘટે અને જિંદગી ઉગતી ઉષામાંથી ધોમધખતા તાપમાં ફેરવાઈ જાય ત્યારે 'છૂટાછેડા' કે 'અણમાનીતી' જેવી વાર્તાઓ મળે છે. વાર્તાને કયા પોઈન્ટથી શરુ કરવી ? જેથી સામાન્ય વિષય વસ્તુ ધરાવતી કૃતિ કલાકૃતિ બની શખે તે પ્રેઝન્ટેશનનું મહત્વ 'કલાસમેટ' વાર્તામાં જોઈ શકાય છે. કેશુભાઈની કૃતિઆમાં સ્ત્રી હૃદયનો કાર્ડિયોગ્રામ મળે છ તે અત્યંત રુચિકર છે. લેખકે જીવાતા જીવનને પોતાની કલા દ્વારા વાર્તા સ્વરુપે ઉજાગર કર્યુ છે. તેમની વાર્તાઓ અપાર વિષય વૈવિધ્ય છે. તેમની વાર્તાઓમાં પ્રગટતા તળપદનાં પાત્રો, સમાજ દર્શન અને માનવ માંગલ્યનું શાશ્વત ચિંતન એમની રસળતી, ધસમસતી, કથનશૈલી અને ચિત્રાત્મકતાને કારણે લોકહૈયે વસી જાય છે. ભગિની ચંદ્રિકાએ અર્પણ કરેલ આ વાર્તાચયન વાચકને તરબતર કરવામાં જરૂરથી સફળ થશે તેવી શુભકામનાઓ સાથે ચયનકર્તા અને ખાસ તો લેખક કેશુભાઈને અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

**'ચાલો કરીએ પ્રેમ' 'વાર્તા ચયન**
**લેખક - કેશુભાઈ દેસાઈ, ચયનકાર - પી.એમ. લુણાગરિયા**
**પ્રકાશક - પ્રવિણ પ્રકાશન, પ્રા. જિ. રાજકોટ**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૨૦**
**કિંમત રૂા. ૨૦૦**